# જીવતાં આવડે તો મૃત્યુની બીક ના લાગે

દરેક વ્યક્તિને, મને, તમને, આપણને આ જીવન મળ્યું છે. આપણા સૌના આ જીવનના અર્થ અને અર્થઘટન જુદાં છે. આપણે સૌ આપણી સમજ અને આપણી ઇચ્છાઓ, અપેક્ષાઓ પ્રમાણે આપણું જીવન જીવીએ છીએ.

મારું જીવન કેવી રીતે જીવવું એ મારે જ નક્કી કરવું પડે, કારણ કે મને એમ કરવાની સ્વતંત્રતા છે અને મારા એ જીવનની એક અવધિ છે.

જીવનનું પૂર્ણવિરામ એટલે શ્વાસોચ્છ્વાસનું બંધ થવું. આપણે એને મૃત્યુ કહીએ છીએ. દરેક જીવંત અસ્તિત્વનું આ અંતિમ ચરણ નક્કી છે. મૃત્યુ એક રહસ્ય છે અને મૃત્યુ નિશ્ચિત છે!

આપણને મૃત્યુની બીક લાગે છે. સમગ્ર જીવન દરમ્યાન મેં જે કંઈ ભેગું કર્યું, સમૃદ્ધિ અને સંબંધો... એ બધું એક ઝાટકે પૂરું થઈ જાય છે!

સમજ આવી ત્યારથી મેં મારા જીવન અંગે સમણાં સેવ્યાં હતાં. શું ભણવું, શું બનવું, કેટલું કમાવું, કોની સાથે પરણવું, બાળકો હોવાં અને કુટુંબ બનાવવું, ક્યાં સ્થિર થવું, મકાનો અને મૂડીરોકાણો કરવાં, આકર્ષક અને પ્રતિષ્ઠિત વાહનો ખરીદવાં, સારા મિત્રો અને પાડોશીઓ બનાવવા, કુટુંબના અન્ય સભ્યો સાથે સંબંધો નિભાવવા અને આવું તો બીજું ઘણું બધું!

શરૂઆતનાં વર્ષો તો ખૂબ ઝડપથી વીત્યાં. ત્યારે ક્યારેય જીવનના અંત કે મૃત્યુ અંગે કોઈ વિચાર સરખો નહોતો. આટલાં વર્ષોમાં જાણીતા અને અજાણ્યા માણસોને અહીંથી વિદાય થતાં જોયા હતા, પણ મને ક્યારેય એ મૃત્યુની બાબત સ્પર્શી નહોતી. બાળપણ અને યુવાની જાણે કે માણવા માટે છે અને મૃત્યુ એને આભડે નહીં એવી દૃઢ માન્યતા હતી.

વર્ષો વીત્યાં. સારાનરસા અનુભવો અને સારીનરસી વ્યક્તિઓ સાથે નાતો પડ્યો અને એ સંબંધો બંધાયા, સંધાયા અને તૂટ્યા પણ ખરા!

ઘણું જાણ્યું, ઘણું માણ્યું, ઘણું નાણ્યું અને ઘણું ભુલાયું. હવે કોણ જાણે પણ મૃત્યુની બીક લાગે છે. એક પળમાં શ્વાસ થંભી જાય અને બસ, ખેલ ખલાસ! મારું મકાન, મારી મિલકત, મારાં મૂડીરોકાણો, મારાં સંતાનો, મારા સંબંધીઓ... બધું જ અહીં રહી જશે પણ મારે અહીંથી વિદાય થવાનું થશે, એ મારે છોડવાનું થશે. હોવામાંથી ન હતું થઈ જશે!

> જગત સારાનરસા માણસોથી બનેલું છે. ભણેલા છે, અભણ છે; ગરીબ છે, તવંગર છે; સજ્જનો છે, દુર્જનો છે; બાળકો છે, યુવાનો છે; વૃદ્ધો છે અને અશક્તો પણ છે. દરરોજ હજારો નવાં બાળકો જન્મે છે. હજારો માણસો દરરોજ અહીંથી વિદાય થાય છે અને આ વાસ્તવિકતા છે.

મારે પણ માતાપિતા હતાં, મારે પણ દાદાદાદી હતાં. તેઓ તેમની રીતે જિવ્યાં અને તેમના નિશ્ચિત સમયે તેઓ બધાં અહીંથી વિદાય થયાં. હું પણ ભણ્યો, પરણ્યો, સંતાનો થયાં. હવે હું વૃદ્ધ થયો. મારાં સંતાનો પણ એ જ પ્રમાણે મોટાં થયાં, પરણ્યાં અને તેઓ પણ મારી માફક જ તેમનાં સંતાનોને ઉછેરવાની એ સ્વાભાવિક પ્રક્રિયામાં સંડોવાયાં છે.

> તેમનાં સંતાનોમાં મને મારાં સંતાનોનું બાળપણ દેખાય છે અને ત્યારે 'સમય કેટલો ઝડપથી પસાર થઈ ગયો'નો અહેસાસ થાય છે. એક ઊંડો નિસાસો નખાઈ જાય છે. આવી રહેલી એ અંતિમ નિશ્ચિત પળ, જ્યાં બધું ખતમ થઈ જશે!

એક બાજુ મારાં માતાપિતા અને બીજી બાજુ મારાં સંતાનો અને તેમનાં સંતાનો. મારું ધ્યાન આ બે વિશાળ બિંદુઓ વચ્ચે ઝોલાં ખાય છે!

> મારાં માતાપિતાને યાદ કરું છું અને તેઓ સરસ જીવી ગયાં એ અંગે એક મીઠી લાગણી અનુભવાય છે. કેવા સરળ અને સરસ માનવો હતા તે! કેવું પ્રામાણિક, મહેનતુ, ખુમારીવાળું જીવન જીવ્યાં હતાં એ બે? કેવો સરસ ઉછેર કર્યો હતો તેમણે મારો?

ધ્યાન બદલાય છે. મારાં સંતાનો હવે તેમનાં સંતાનોનો ઉછેર કરી રહ્યાં છે. વિચારું છું કે મારાં સંતાનો મારા ગયા પછી મારા વિશે શું વિચારશે? મારા

વિશે શું યાદ કરશે? શું તેઓ મારા વિશે, હું મારા માતાપિતા વિશે વિચારું છું એવું વિચારશે કે પછી બીજું કંઈ?

> મૃત્યુ સ્વાભાવિક છે. મૃત્યુ નિશ્ચિત છે. મૃત્યુ અટલ છે. કોઈ જીવંત વ્યક્તિ મૃત્યુની વાસ્તવિકતાને નકારી શકે નહીં.

જો મૃત્યુ આટલું જડબેસલાક હોય તો પછી મારે એનાથી બીવાની, ગભરાવાની જરૂર ક્યાં છે? જો એ બધાં જ જીવંત અસ્તિત્વ માટે સાચું હોય, સ્વાભાવિક હોય તો હું એમાંથી બાકાત કેવી રીતે રહી શકું?

> બાથડવાને બદલે, બીવાને બદલે, જીવનની આ નક્કર વાસ્તવિકતાને સ્વીકારી લઉં.

મૃત્યુની ચિંતા કરવાને બદલે હું અત્યારે જીવંત છું ત્યારે મારે કેવી રીતે જીવવું એ નક્કી કરી લઉં. મૃત્યુની ચિંતા કરવાથી મૃત્યુ અટકવાનું નથી. મારે કેવી રીતે જીવવું, મારે શું પાછળ છોડી જવું, મારાં બાળકો મારા વિશે શું વિચારશે... એ બધું અત્યારે મારા હાથની બાબત છે.

> જેઓ સરસ જીવે છે તેઓ મૃત્યુથી બીતા નથી; કારણ કે તેમને ખબર છે કે તેમની અહીંથી વિદાય થયા પછી તેમનાં સંતાનો, તેમના મિત્રો, તેમના સંબંધીઓ તેમના વિશે શું વિચારશે! તેમને ખાતરી છે કે તેઓ તેમના વિશે સરસ જ વિચારશે; કારણ કે તેઓ અત્યારે સરસ, સરળ, પ્રામાણિક, ખુમારીવાળું, સ્વમાની જીવન જીવી રહ્યાં છે!

મોટા ભાગના માણસો તેમના જીવનના આખરી તબક્કે 'સમય પસાર થાય છે' એ સૂત્ર સાથે જીવે છે. જેઓ મહત્ત્વના, વચ્ચેના ગાળામાં છે તેઓ મૃત્યુ અંગે વિચારતા નથી; કારણ કે તેઓ સાંસારિક જવાબદારીઓ, ઇચ્છાઓ, મહત્ત્વાકાંક્ષાઓમાં વ્યસ્ત છે.

> એક વાર આ મહત્ત્વનો તબક્કો પસાર થઈ જાય પછી મૃત્યુની બિહામણી બાબત ભય, ચિંતા, બીક વગેરે શરૂ થઈ જાય છે!

સમય પસાર થાય છે. સમય સદીઓથી પસાર થવાનું કામ કરે છે. આ સમયની ઘટમાળમાં હજારો, કરોડો માણસો આવ્યા છે અને ગયા છે.

> હું કશું કરું કે ન કરું, સમય તો પસાર થવાનો જ છે! મહત્ત્વની બાબત એ છે કે હું આ સમય, મને મળેલો સમય કેવી રીતે પસાર કરું છું.

સવાર પડે એટલે હું ઊંઘમાંથી જાગું છું. આભાર માનું છું ભગવાનનો કે ફરીથી એક વાર આ સમય માણવા માટે મને જીવંત રાખ્યો. દિવસ પૂરો થાય, સાંજ પડે. સૂતાં પહેલાં પૂછું મારી જાતને કે મેં આજે મને મળેલા એ સમયનો શું ઉપયોગ કર્યો? ઉપયોગ કર્યો, સદ્દુપયોગ કર્યો કે દુરુપયોગ કર્યો?

> ફરી પાછો કાલે સૂરજ ઊગશે. મારો ઈશ્વર ફરીથી મને ઊંઘમાંથી ઉઠાડીને એક નવો દિવસ મને આપશે, મારા ઉપયોગ અને ઉપભોગ અર્થે!

આ જ પ્રમાણે મારા જન્મથી શરૂ કરીને મને આજે બાસઠ વર્ષ પૂરાં થયાં. જો હું આવતી કાલે અહીંથી વિદાય થાઉં તો મારા કુટુંબીઓ, મારા સંબંધીઓ, મારા મિત્રો એ સૌ મેં આ બાસઠ વર્ષ જે કંઈ કર્યું, સારું કે ખરાબ એનો સરવાળો જ યાદ કરશે અને એમાંથી નિષ્કર્ષ નીકળશે કે હું સારું જિવ્યો હતો કે નઠારું!

> આજે હું જીવંત છું. હજી હું વિદાય થયો નથી. આજે હું નક્કી કરી શકું કે મને મળેલો આ દિવસ, આ સમય, મારે એનો ઉપયોગ કેવી રીતે કરવો છે? મૃત્યુ નિશ્ચિત છે, મૃત્યુ અટલ છે. મૃત્યુ મારા હાથની વાત નથી; પણ આજનો આ જીવંત દિવસ મારે કેવી રીતે જીવવો એ તો મારા હાથની વાત છે. એટલે કે આજનો દિવસ અને એ પછી એ અઠવાડિયું, એ મહિનો, એ વર્ષ અને જીવતો રહું તો એ પછીનાં વર્ષો પણ મારે કેવી રીતે જીવવાં છે એ મારા હાથની વાત છે.

આ સમજવાનું જરાય અઘરું નથી. મને આની ખબર છે. તમને પણ આની ખબર છે! જો હું આજનો દિવસ સરસ જીવતો નથી તો એમાં મારા સિવાય બીજું કોઈ જવાબદાર નથી. સરસ જીવવું એ પણ મારું જ અર્થઘટન છે. શક્ય છે કે હું જે કરું છું એ મારા માટે સારું હોય, પણ અન્ય કોઈની નજરમાં એ સારું ન પણ હોય!

> જે માણસો ખોટું કરે છે, જુઠ્ઠું બોલે છે, ચોરી કરે છે, ખૂન, લૂંટફાટ અને બળાત્કાર કરે છે એ માણસોને તેમનાં એ કાર્યોમાં કશું ખોટું લાગતું નથી. પછી સમાજની નજરમાં કે કાયદાની નજરમાં એ ભલે ખોટું હોય, અમાનવીય હોય. અને એ માણસો તો તેમનાં એ કર્મો માટે સજા ભોગવવા પણ તૈયાર છે!

મારા માટે પણ આવું જ છે. હું જે કંઈ કરું છું, સારું કે ખરાબ, એ મારી પસંદગીની બાબત છે. જો ખોટું કરવામાં, જુઠ્ઠું બોલવામાં, ચોરી કરવામાં પણ મને આનંદ આવતો હોય તો એ મારી પસંદગીની બાબત છે.

> જો જુઠ્ઠું બોલવાથી, ખોટું કરવાથી મને લાભ થતો હોય, એનાથી મને આનંદ અને સુખ મળતાં હોય, મારા અંતરાત્માને એમાં કશો વાંધો ન હોય તો મારી નજરમાં મારા આ જીવંત સમયનો સદુપયોગ થયો ગણાય!

એક નિવૃત્ત વડીલ સાથે વાર્તાલાપ થયો. તેમણે કહ્યું કે તેમનાં સંતાનો હવે તેમણે તેમનો બાકીનો સમય આનંદ આપનારી પ્રવૃત્તિઓમાં ગાળવો જોઈએ એમ કહે છે. વડીલે કહ્યું કે તેમને તેમનાં સંતાનોને ઉછેરવામાં મદદ કરવામાં આનંદ આવે છે. તેમને તેમના બાકીના સમયનો આ સદુપયોગ લાગે છે.

> ગુજરાતથી નિવૃત્ત થઈને અહીં આવેલા વડીલો અમેરિકન સરકાર દ્વારા મળતી સગવડો અને સવલતો મેળવવા યુક્તિઓ કરે છે, જુઠ્ઠું બોલે છે. લાભો મળે છે અને તેમને આનંદ થાય છે. આ પણ તેમની પસંદગીની બાબત છે.

બધા જ ધર્મો અને બધા જ સંપ્રદાયો જીવન જીવવા અંગે કેટલાક પાયાના સિદ્ધાંતો સૂચવે છે. સાચું બોલવું. બિનજરૂરી ભેગું ન કરવું. મફતનું ન લેવું. જરૂરિયાતવાળાને મદદ કરવી. કશા જ ભેદભાવ સિવાય સર્વે માનવોને પ્રેમ કરવો.

> જો હું ઈશ્વરમાં માનતો હોઉં, જો હું ભક્તિમાં માનતો હોઉં, જો હું મારા સમયનો સદુપયોગ કરવામાં માનતો હોઉં તો મારા દિવસના અંતે મારે મારી જાતને પૂછવું જોઈએ કે હું આ સિદ્ધાંતોનું પાલન કરું છું કે કેમ?

જો હું આ સિદ્ધાંતોમાં છૂટછાટ લેતો હોઉં તો મારે મારા ઈશ્વર પાસે જઈને એમ ન કરવા માટે મને દિશાસૂઝ અને સદ્‌બુદ્ધિ અને શક્તિ આપવા કહેવું. પણ એમ કરવાને બદલે મને ટૂંકા લાભોને કારણે છૂટછાટ લેવામાં આનંદ આવતો હોય તો મારા માટે મારા આ જીવનનો ઉદ્દેશ હોઈ શકે.